| Newspaper | Page No. | Date |
| --- | --- | --- |
| Bhoomi | 06 | 13-08-2014 |

# વાડીનાર પંથકમાં સામાજિક ઉત્થાન માટે અભિયાન ચલાવતું એસ્સાર ફાઉન્ડેશન

## રિફાઈનરી આજુબાજુના ગામોમાં આરોગ્ય, કુપોષણ નિવારણ, શિક્ષણ, કૃષિ ટેકનોલોજી જેવી સુવિધા પુરી પાડવામાં આવી






જામનગર તા. ૧૩: ઔદ્યોગિક સામાજીક જવાબદારીના વહનની બાબતમાં એસ્સાર જૂથ હંમેશા કર્તવ્યશીલ રહયું છે. વાડીનારમાં આવેલી એસ્સાર રિફાઈનરીની આજુબાજુમાં આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં કંપની દ્વારા મહત્વના ગણી શકાય તેવા સેવાકીય કાર્યો કરવામાં આવી રહયાં છે. આરોગ્યની સુવિધા વિશેષ સ્વરૂપે મળી રહે તે માટે જાખર ગામમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ચલાવવામાં આવે છે, જેનો લાભ જાખર, સિંગચ, વાડીનાર, ભરાણા અને મીઠોઈને મળે છે. જયારે કોમ્યુનિટી સબ સેન્ટર કજુરડા ગામમાં ચલાવવામાં આવે છે, જેનો લાભ કજુરડાની સાથે ટીંબડી, વિજયનગર, નાના માંઢા અને મોટા માંઢાના ગ્રામજનોને મળે છે. વાડીનારમાં માતા અને બાળ આરોગ્ય કેન્દ્ર ખોલીને એક વિશેષ સેવા આપવામાં આવી રહી છે. ઉપરાંત ૧૦ ગામોને મોબાઈલ હેલ્થવાનથી આરોગ્યની સુવિધા આપવામાં આવે છે. ઈમરજન્સી સર્વિસ માટે એમ્બ્યુલન્સ સુવિધા ચલાવાય છે, જેનો લાભ ૫૨,૭૨૪ લોકોએ વર્ષ-૨૦૧૩-૧૪ દરમિયાન લીધો હતો.

એસ્સારે શિશુ મંગલમ પ્રોજેકટ અંતગર્ત રાજય સરકારની સાથે રહી કુપોષણ નિવારણ માટે મહત્વના પગલાં ગ્રામ્ય વિસ્તારો માટે ઉઠાવ્યા છે. જેમાં ખંભાળિયા તાલુકામાં રહેલા ૪૫૦૦ કુપોષિત બાળકો માટે અભિયાન ચલાવી કુપોષ્ણના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો લાવવામાં અનેરો સહયોગ પુરો પાડયો છે.

શિક્ષણના સ્તરને ઉંચુ લાવવા માટે શૈક્ષણિક યોજનાઓ હાથ ધરવામાં આવી છે. જેમાં પાયારૂપી આંગણવાડીને મોડેલ બનાવવા માટે ગામોમા 'એસ્સાર નંદઘર' ઉભા કરવામાં આવ્યા છે. આ નંદઘરમાં બાળકોના સર્વાંગી વિકાસની બાબત પર ભાર મુકી આધુનિક સુવિધા આપવમાં આવી છે. આવા ૩૫ આંગણવાડી કેન્દ્ર ચાલે છે. ઇન્દ્રધનૂષ જેવા શૈક્ષણિક તહેવારને ઉજવીને રિફાઈનરીની આસપાસના ૨૧ ગામોના ૪૫૦૦ વિદ્યાર્થીઓને રમતાં-રમતાં કઈ રીતે ભણી શકાય તેના પાઠ શીખવાડવામાં આવ્યાં હતાં. તો શાળા પ્રવેશોત્સવ નિમિતે લાલપુર તથા ખંભાળિયા તાલુકાના ૪૦ ગામોની શાળાના ૨૧૦૦ બાળકોને સ્કૂલ કીટનું વિતરણ કરવામાં આવેલું.

અંગ્રેજી ભાષાનું જ્ઞાન મળી રહે એ માટે એસ્સાર ફાઉન્ડેશને આઈ.બી.એમ. ગ્લોબલ સાથે હાથ મીલાવીને એક મહિના સુધી વિવિધ ગામોમાં જઈ ખાસ ટીમ મારફતે ૩ હજારથી વધુ બાળકો અને ૧૫૦થી વધુ શિક્ષકોને ભાષાનું જ્ઞાન આપ્યું હતું. કેટલીક વિકલાંગતા ધરાવતા બાળકોને એસ્સાર કઈ રીતે ભૂલી શકે? આવા બાળકોને યાદ રાખી તેઓ માટે જામનગર તથા અમદાવાદ એમ બે સ્થળોએ 'ઉન્મૂકત' કાર્યક્રમ હેઠળ અંધ બાળકોને ખાસ તકનીકીના માધ્યમથી તૈયાર કરાયેલી 'તારે જમીં પર' ફિલ્મનો આસ્વાદ લેવડાવાયો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં પશુ તથા ખેતીનું મહત્વ ઘણું હોય છે, જે બાબતને વિશેષ પ્રાધાન્ય આપી એસ્સાર ફાઉન્ડેશન પશુ-ખેતી વિષયક નકકર પગલાંઓ ઉઠાવી રહયું છે. પશુધનને વધુ સુવિધા મળે એ માટે ગૌ શાળાઓને નવનિર્મિત કરવામાં આવી રહી છે. જેનો લાભ મીઠોઈ, દેવળીયા, તરઘડી જેવા ગામોને મળ્યો છે. પશુધનને રોગચાળાથી રક્ષિત કરવા માટે અલગ અલગ સ્થળોએ કેમ્પ કરી ૧૦ હજારથી વધુ પશુધનને વેક્સિન આપી સારવાર કરાઈ હતી. સમગ્ર વર્ષ દરમિયાન એસ્સાર દ્વારા નિરંતર ઘાસચારો પુરો પાડવામાં આવે છે. આ યોજનાનો લાભ ૧૩ ગામોની ગૌશાળાને મળે છે, જેના થકી ૨૪૫૩ પશુધનને ગુણવતાવાળું ઘાસ મળી રહે છે. ખેતીને સમૃદ્ધ બનાવવા માટે ઉચ્ચ ગુણવતાવાળું ખાતર પુરૂં પાડવામાં આવે છે, જેનો ૨૦૦થી વધુ સ્થાનિક ખેડૂતોને લાભ મળે છે. મોટા માંઢા સહિતના ગામડાઓમાંના ખેતરમાં ડ્રીપ ઈરીગેશન સીસ્ટમથી પાકને પાણી પુરૂં પાડવા માટે સહયોગ આપવામા આવી રહયો છે. વોટર રિસોર્સીઝ માટે રેકલેમેશન ડેમ ઉભા કરવામાં આવ્યાં છે. જરૂરિયાતના સમયે તેમજ પાણીમાં ટી.ડી.એસ.નું ઉચ્ચ પ્રમાણ ધરાવતા ગામડાઓમાં પીવાનું પાણી પુરું પાડવા માટે ટેન્કરો ચલાવાય છે. આ સેવાનો લાભ ૧૩ ગામોને મળે છે. આ ઉપરાંત કંપનીએ જાંખર, કજુરડા અને દેવરિયાના પાટિયા પાસે બસ સ્ટેન્ડ બાંધી આપ્યા છે, જેનાથી ગ્રામિણ જનતાની સુવિધામાં વધારો થયો છે.

એસ્સાર ફાઉન્ડેશન દ્વારા રિફાઈનરીના આજુ બાજુના ગામોમાં હાથ ધરવામાં આવેલી સામાજીક પ્રવૃતિઓથી વાડીનાર પંથકના ગ્રામ્ય વિસ્તારની જનતામાં હર્ષની લાગણી ફેલાઈ છે.